અપીલ અરજી નં.૪૨૩ તા.૨૭–૩–૦૯

અરજદારઃ– શ્રી નિકમ વિજય સંતોષ
સામાવાળાઃ– ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ વિભાગ

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિકમ વિજય સંતોષની તા.૨૫–૨–૦૯ ની અરજીથી સુમન હાઈસ્કુલ (મરાઠી માધ્યમ) ૨૦૦૬ ની જાહેરાતના અનુસંધાનમાં કાઢવામાં આવેલ સ.વિદ્યા વિષયની મેરિટમાં પ્રથમ અને બીજા ક્રમના ઉમેદવારને સરખા મેરિટ હોવા છતા પ્રથમ ક્રમના ઉમેદવારને કયા નિયમોના આધારે નિમણુંક આપવામાં આવી તેની વિગત અથવા આવા સંજોગમા માન્ય રાખવામાં આવતા નિયમોની નકલ વિ.મુદ્દા નં.૧ થી ૪ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૨૩ /૨૦૦૮–૦૯

શ્રી નિકમ વિજય સંતોષની તા.૨૫–૨–૦૯ ની અરજીથી સુમન હાઈસ્કુલ (મરાઠી માધ્યમ) ૨૦૦૬ ની જાહેરાતના અનુસંધાનમાં કાઢવામાં આવેલ સ.વિદ્યા વિષયની મેરિટમાં પ્રથમ અને બીજા ક્રમના ઉમેદવારને સરખા મેરિટ હોવા છતા પ્રથમ ક્રમના ઉમેદવારને કયા નિયમોના આધારે નિમણુંક આપવામાં આવી તેની વિગત અથવા આવા સંજોગમા માન્ય રાખવામાં આવતા નિયમોની નકલ વિ.મુદ્દા નં.૧ થી ૪ અંગે માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭ તા.૬–૪–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ વિભાગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.જીએડી/ઈએસટી/આ નં.૫૬ તા.૧૮–૪–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદાની તા.૨૫–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી મુદ્દા નં.૧ સુમન હાઈસ્કુલ (મરાઠી માધ્યમ) ૨૦૦૬ ની જાહેરાતના અનુસંધાનમાં કાઢવામાં આવેલ સ.વિદ્યા વિષયની મેરિટમાં પ્રથમ અને બીજા ક્રમના ઉમેદવારને સરખા મેરિટ હોવા છતા પ્રથમ ક્રમના ઉમેદવારને કયા નિયમોના આધારે નિમણુંક આપવામાં આવી તેની વિગત અથવા આવા સંજોગમા માન્ય રાખવામાં આવતા નિયમોની નકલ મુદ્દા નં.૨ ૨૦૦૮ માં એડહોક શિક્ષકો માટે આપવામાં આવેલ (મરાઠ માધ્યમ) ની જાહેરાતના કાઢવામાં આવેલ સ.વિદ્યા વિષય , સ.વિદ્યા/હિન્દી મેરિટ લીસ્ટની નકલ. મુદ્દા નં.૩ જુન ૨૦૦૬ માં સમાજવિદ્યા વિષય પર નિમણુંક પામેલ ઉમેદવારના તમામ શૈક્ષણિક લાયકાતોના પ્રમાણપત્રોની નકલ આપવી(મરાઠી માધ્યમ). મુદ્દા નં.૪ ૨૦૦૬ ની જાહેરાતના અનુસંધાનમાં કાઢવામાં આવેલ સમાજવિદ્યા વિષયમાં મેરીટ લીસ્ટની નકલ આપવી. (મરાઠી માધ્યમમાં) વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને પર્સોનલ ઓફિસર(આર) અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.જીએડી/ઈએસટી/આર/૧૦૯૭ તા.૨૫–૩–૦૯ થી અરજદારને આંશિક માહિતી પૂરી પાડવા સાથે દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ જણાય છે. પરંતુ અરજદારને અધૂરા સરનામાંના કારણે માહિતી મળેલ ન હોય રીટર્ન થયેલ આરપીએડી સ્લીપ અને કવર જાહેર માહિતી અધિકારી તરફથી પુરાવા તરીકે રજુ થયેલ છે. પરંતુ સમય અવધિ પૂર્ણ થવાથી નજીકના સમય દરમ્યાન અરજદારે આપેલ ફોનથી સંપર્ક કરી માહિતી પૂરી પાડવા જણાવતો પ્રયત્ન થયેલો જણાતો નથી. ત્યાર બાદ અરજદારને પુનઃ તા.૬–૪–૦૯ ના રોજ આરપીએડી કરેલ છે તેની એકનોલેજમેન્ટ સ્લીપ પણ રજુ કરેલ છે. જે અંગે માહિતી આપવાના કાગળોની નકલો પણ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે રજુ કરાયેલ છે. જે અનુસાર મુદ્દા નં.૧ અંગે સ્ટાફ સીલેકશન સમિતિ મારફતે લેવાયેલ નિર્ણયને આધિન નિમણુંક આપવામાં આવેલ હોવાનું જણાવી મુદ્દા નં.૨ થી ૪ અંગે ૩૭ નકલના રૂા.૭૪/– ભરી માહિતી મેળવી લેવા અરજદારને જણાવવામાં આવેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૫–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય મર્યાદામાં અરજદારને પૂરી પડવામાં આવેલ છે. પરંતુ અરજદારને માહિતી મળેલ ન હોઈ પુનઃ એક વખત સદરહુ પત્રની નકલ મોકલી આપવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ વિભાગને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ વિભાગ ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નિકમ વિજય સંતોષ,